NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી
## એરૂ ચાર રસ્તા,નવસારી

ડૉ. એમ. એસ. પુરોહીત
ઈ./ચા. કુલસચિવ

ફોનઃ૦૨૬૩૭– ૨૮૨૮૨૩ એક્ષ.૧૧૩૨. ફેકસ નં.: ૦૨૬૩૭–૨૮૩૭૯૪
ઈ.મેલ:registrarnau@yahoo.co.in

વંચાણેઃ– (૧) કુલપતિશ્રીની તાઃ૨૫.૪.૨૦૧૩ ની નોંધ.
(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/અ.ઉ.૩/૫૨૪–૩૧/૨૦૧૧ તાઃ૧૫.૧.૨૦૧૧
(૩) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/અ.ઉ.૩/૮૮૪૨–૪૮/૨૦૧૧ તાઃ૧૮.૬.૨૦૧૧

## –:: પરિપત્ર ::–

આથી સંબંધકર્તા સર્વે સુવિદિત હશો જ કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં ફરજ બજાવતાં કર્મચારી/ અધિકારીશ્રી/ વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી ભવન તથા અન્ય કચેરીઓનાં બિલ્ડીંગના ખૂણાં, દાદર તેમજ કચેરી બિલ્ડીંગની બારીમાંથી લોન વિસ્તારમાં બીડી–સિગારેટના ટુકડાઓ નાંખવા, પાન–માવા ખાઈને થૂંકવું, ગુટખાની પિચકારીઓ લોનમાં તથા દાદરના ખૂણાંઓમાં મારવી, બારીમાંથી એઠવાડ, ચાના પ્લાસ્ટીક કપ અને કાગળો નાંખી ગંદકી કરતાં નજરે પડેલ છે.

આ ઉપરાંત, મંદિરની બાજુમાં આવેલ આર.ઓ.પ્લાન્ટના પરિસરમાં કે જયાંથી પીવાનું પાણી વિતરણ કરવામાં આવે છે ત્યાં પણ પાન–મસાલાની ગંદકી જોવા મળેલ છે. જેથી યુનિવર્સિટીનાં કર્મચારી/ અધિકારીશ્રીઓનાં સ્વાસ્થય ઉપર વિપરીત અસર થવાની સંભાવના રહે છે તથા યુનિવર્સિટીની સુઘડ અને સુંદર છબી માટે લાંછનરૂપ નીવડે છે.

ઉપરોકત બાબત અંગેની સુચનાઓ વારંવાર આપવા છતાં પણ યુનિવર્સિટી કર્મચારી/ અધિકારીશ્રી/ વિદ્યાર્થીઓ દ્વારા ઉકત સુચનાનું પાલન કરવામાં આવતું નથી. આ અંગે દરેક કચેરીના વડાશ્રીઓની આ જવાબદારી છે કે તેમની કચેરીના કર્મચારી/ અધિકારીશ્રીઓ તરફથી કચેરી બિલ્ડીંગની આજુબાજુ ગંદકી કે નુકશાન ન થાય તેની દરેક કર્મચારી/અધિકારીશ્રીઓને કડક સુચના આપવામાં આવે. જે વ્યકિતઓ આ સુચનાનો અમલ/પાલન ન કરે અથવા તો સુચનાનો ભંગ કરતાં ધ્યાનમાં આવશે તો તે કચેરી સામે પગલાં ભરી ₹૧૦૦/– નો દંડ વસૂલ કરવાની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.

**સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની સુચના અનુસાર યુનિ. હિતમાં બહાર પાડવામાં આવેલ છે. આ પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવાનો રહેશે.**

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ /૬૫૧૯–૬૮/૨૦૧૩.**
**નવસારી. તારીખઃ૨૨/૫/૨૦૧૩.** (૨૩)

**કુલસચિવ**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.